પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૮૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૭-૧૨-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 89 PRICE : -RS. 1.50 DATE : 07-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદી સરકારના કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

# આંદોલન કરતા ખેડૂતો નકલી, અસલી ખેડૂતો ખેતરમાં છેઃ કૈલાશ ચૌધરી





ન્યુ દિલ્હી,
કિસાન સંગઠનો સાથે કેટલાંક રાઉન્ડની વાતચીત પરિણામ વગરની રહ્યા બાદ કેન્દ્ર સરકાર થોડીક નરમ પડી છે. કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી કૈલાશ ચૌધરીએ કહ્યું કે સરકાર લેખિતમાં આપી શકે છે કે ટેકાના ભાવ યથાવત રખાશે. જો કે ચૌધરીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે કિસાન આંદોલનને ડિસક્રેડિટ કરતાં તેમણે લાગતું નથી કે આ અસલી ખેડૂત છે. ચૌધરી એ કહ્યું કે હું માનતો નથી કે આ અસલી ખેડૂત છે, અસલી ખેડૂત તો પોતાના ખેતરમાં કામ કરી રહ્યો છે. તેઓ આ અંગે ચિંતિત છે. તેમણે આરોપ મૂકયો કે કેટલાંક રાજકીય લોકો આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યા છે અને દેશના ખેડૂત નવા કાયદાઓના સમર્થનમાં છે.

ચૌધરીએ કહ્યું કે મને લાગે છે કે કોંગ્રેસ સરકાર અને વિપક્ષ ખેડૂતોને ભડકાવી રહ્યું છે. દેશના ખેડૂત આ કાયદાની સાથે છે પરંતુ રાજકીય લોકો આગમાં ઘી હોમવાની કોશિષમાં છે. મને પીએમ મોદીના નેતૃત્વ અને ખેડૂતો પર પૂરો વિશ્વાસ છે. મને વિશ્વાસ છે કે ખેડૂત કોઈ એવો નિર્ણય કરશે નહીં જેનાથી દેશમાં કયારેય અશાંતિ થાય. આ કાયદાથી તેમને આઝાદી મળી છે. મને નથી લાગતું કે આ અસલી ખેડૂત છે, અસલી ખેડૂત તો પોતાના ખેતરોમાં કામ કરી રહ્યા છે.

## સરકાર MSP પર લેખિત બાંહેધરી આપવા તૈયાર, વિપક્ષથી ગેરમાર્ગે ન દોરાતાં, ભારત બંધથી દેશનું આર્થિક નુકસાન થશે અને મને વિશ્વાસ છે કે ખેડૂત દેશમાં અશાંતિ ફેલાવનારું કોઈ પગલું નહીં ભરે

ખેડૂત સંગઠનોએ શનિવારના રોજ કેન્દ્ર સરકારની સાથે બેઠકમાં સ્પષ્ટ કહી દીધું હતું કે તેઓ પાછળ હટશે નહીં. ખેડૂત નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓની વચ્ચે મીટિંગમાં ખૂબ જ ગરમાગરમી થઈ. સ્થિતિ એટલી બગડી કે અંદાજે દોઢ કલાક સુધી ખેડૂત નેતાઓએ મૌન વ્રત' રાખ્યું હતું. મામલો એટલો વધી ગયો કે મંત્રીઓ અધવચ્ચે બેઠક છોડીને જતા રહ્યા. બાદમાં તેઓ એ બતાવતા પાછા ફર્યા કે આગળના રાઉન્ડની વાતચીત ૯ ડિસેમ્બરના રોજ થશે. ખેડૂત સંગઠનોએ ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. ખેડૂત આંદોલનોને વિભિન્ન રાજકીય પક્ષોનું સમર્થન પણ મળી રહ્યું છે તેનાથી મોદી સરકાર માટે પડકારો મોટા થઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કૃષિ સાથે જોડાયેલા ત્રણ કાયદાઓને પાછા લેવાની માંગણી પર અડિયલ ખેડૂતોનું આંદોલન રવિવારના રોજ સતત ૧૧મા દિવસે ચાલુ છે. દિલ્હીના સરહદો પર પંજાબ, હરિયાણા સહિત દેશના બીજા ભાગોમાંથી આવેલા પ્રદર્શનકારી ખેડૂત દટાયેલા છે. ખેડૂત સંગઠન આગામી મંગળવારના રોજ ભારત બંધને સફળ બનાવામાં લાગ્યા છે. ખેડૂત નેતાઓએ કહ્યું કે તેમનું આ આંદોલન હવે માત્ર પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશ સુધી સીમિત રહ્યું નથી, પરંતુ તેમનું સ્વરૂપ દેશવ્યાપી બની ચૂકયું છે અને તેની તસવીર ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધ દરમ્યાન સ્પષ્ટ દેખાશે.

### કૃષિ બિલના વિરોધમાં ગુજરાત કોંગ્રેસના ગાંધીનગરમાં ધરણા

# સાતવે કહ્યું- ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ના બંધમાં જોડાવવું જ પડશે



ગાંધીનગર,
ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસ દ્વારા ખેડૂત આંદોલનના સમર્થનમાં પ્રતિક ઉપવાસ અને ધરણા શરૂ કરાયા છે. જેમાં કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ, અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીની ઉપસ્થિતિમાં ધરણા શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ ધરણામાં કોવિડની ગાઈડલાઈનનું પાલન થતું જોવા મળ્યું નથી. સાથે જ સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. ખેડૂત આંદોલનઃકૃષિ બિલના વિરોધમાં ગુજરાત કોંગ્રેસના ગાંધીનગરમાં ધરણા, સાતવે કહ્યું- ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ના બંધમાં જોડાવવું જ પડશે. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં આજે રવિવારે ગુજરાત કોંગ્રેસ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. એક દિવસના પ્રતીક ઉપવાસની ૫૦ લોકોની સંખ્યાની મર્યાદામાં ગાઈડલાઈન પાલનની પોલીસ મંજૂરી સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ, પાર્ટીના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, હાર્દિક પટેલ સહિતના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ ઉપવાસ પર બેઠા છે.

આ દરમિયાન રાજીવ સાતવે કહ્યું કે, ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ ના બંધના એલાનમાં જોડાવવું જ પડશે. ગુજરાત કોંગ્રેસના પ્રદર્શનને પગલે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી પોલીસ છાવણીમાં ફેરવી દેવાઈ હતી. વધુ લોકોની મંજૂરી ન હોવાથી પાલન થાય તેને લઈ ૫ જેટલા પોલીસ ઈન્સપેક્ટર સહિત ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર પ્રાંત કલેક્ટર પણ ખાસ હાજર રહ્યાં હતા. આ તકે ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે ખેડૂતો સંગઠનો દ્વારા બોલાવવામાં આવેલા ભારત બંધમાં કોંગ્રેસ પણ સામેલ થશે તેમ જણાવ્યું હતું. નોંધનીય છે કે શુક્રવારે પણ ગુજરાત કોંગ્રેસે જિલ્લા મુખ્ય મથકો પર ધરણાં કર્યાં હતા. કોંગ્રેસ નેતાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા નવા કૃષિ કાયદાને પરત લેવાની માંગ કરી હતી. ૮/૧૨ ના બંધના એલાનમાં

(અનુ.પાના.નં.૨)

# સિવિલમાં કોરોનાનો કહેરઃ કોરોનાથી વધુ ૧૨નાં મોત થતા ચકચાર




અમદાવાદ,
શનિવાર સાંજ સુધીમાં સિવિલ હોસ્પિટલમાંથી વધુ ૧૨ દર્દીના મૃત્યુ નીપજ્યા છે અને આ સાથે એક જ સપ્તાહમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલાઓનો આંક ૧૪૫ થયો છે. શનિવારે બપોરે પણ સિવિલના કોવિડ ડેડબોડી વિભાગ પાસેથી સવારથી જ મોટી સંખ્યામાં મૃતકોના સગાં-સંબંધી નજરે પડયા હતા. સિવિલમાં ડેડબોડી લેવા માટે કતારો લાગી રહી છે. જોકે સંવેદના ગુમાવી ચૂકેલી ગુજરાત સરકાર જાણે 'લોકો ભલે મરતાં હોય તો મરે'ની નીતિ અપનાવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

સિવિલમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલાઓની સંખ્યા વધુ હોવાને કારણે શબવાહિની ખૂટી પડે છે અને મૃતકોના સગાંઓને એમ્બ્યુલન્સમાં મૃતદેહ લઈ જવા પડે છે. સ્મશાનમાં પણ અંતિમ વિધિ માટે વેઈટિંગ હોવાથી દર્દીના સગાંઓને રાહ જોવી પડે છે. સિવિલમાં કોરોનાને કારણે ટપોટપ મોતનો સિલસિલો યથાવત જોવા મળે છે અને તેને રોકવા માટે નક્કર પગલાં લેવામાં સિવિલના સત્તાવાળાઓ સરિયામ નિષ્ફળનીવડયા હોય એવું માનવામાં આવે છે. ખાનગી હોસ્પિટલમાં ગંભીર પ્રકારના કેસ સિવિલમાં ટ્રાન્સફર કરી દેવાય છે, સિવિલમાં સ્ટાફ ઓછો હોવાના કારણો આગળ ધરીને સિવિલના સત્તાવાળાઓ 'પાંગળો બચાવ' કરી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં કોરોનાના એક મહિલા દર્દીને

(અનુ.પાના.નં.૨)

### રશિયાના મોસ્કોમાં કોરોના રસીકરણ શરૂ

# ફાઈઝરે ભારતમાં કોરોના વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે માગી મંજૂરી




ન્યુ દિલ્હી,
ભારતમાં ઉપલબ્ધ થનાર કોરોના વાયરસની પહેલી રસી ફાઈઝરની હોઈ શકે છે. ફાઈઝર ઈન્ડિયા એ પોતાની રસીના ઈમરજન્સી યુઝ ઓથોરાઈઝેશન માટે ડ્રગ કંટ્રોલર જનર ઓફ ઈન્ડિયાસામે અપ્લાય કર્યું છે. ભારતમાં આમ કરનાર આ પહેલી કંપની છે. તેની પેરેન્ટ કંપનીને યુનાઈટેડ કિંગડમ અને બહરીનમાં આવી મંજૂરી મળી ચૂકી છે. જો DCGI પાસેથી ફાઈઝર ઈન્ડિયાને મંજૂરી મળી જાય છે તો ભારતમાં ઉપલબ્ધ થનાર આ પહેલી રસી હોઈ શકે છે. સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાએ પણ DCGI પાસેથી પોતાની રસી માટે આવી જ મંજૂરી માંગી છે. કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની રસી Covishield માટે મંજૂરી માંગે છે.

ઈમરજન્સી યુઝ ઓથોરાઈઝેશન એટલે કે EUA વેક્સીન અને દવાઓ, એટલે સુધી કે ડાયગ્નોસ્ટિક ટેસ્ટસ અને મેડિકલ ડિવાઈસીસ માટે પણ લેવાય છે. ભારતમાં તેના માટે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન રેગ્યુલેટરી બોડી છે. વેકસીન અને દવાઓ માટે આવી અપ્રૂવલ તેમની સેફ્ટી અને અસરની આકરણી બાદ અપાય છે. તેના માટે ક્લિનિકલ ટ્રાયલ્સના ડેટાને આધાર બનાવામાં આવે છે. સામાન્ય રીતે વેક્સીનને અપ્રૂવલ મેળવવામાં કેટલાંય વર્ષો લાગે છે. અત્યાર સુધી સૌથી ઓછો અગ્રૂપલ સમય સાડા ચાર વર્ષ હતો. ઈમરજન્સી સ્થિતિઓમાં જેવું કે અત્યારે છે. દુનિયાભરના દેશોમાં એવી વ્યવસ્થા છે કે દવાઓ અને રસીને વચગાળાની મંજૂરી આપી શકે જો તેની અસરના પૂરતા પુરાવા હોય તો. ફાઈનલ અપ્રૂવલ આખા ડેટાના એનાલિસિસ બાદ જ મળે છે.

ફાઈઝર ઈન્ડિયાએ ૪ ડિસેમ્બરના રોજ અરજી કરી છે. આ રસી જર્મન ફાર્મા કંપની બાયોએનટેકના સાથે મળી બનાવવામાં આવી છે. આ

(અનુ.પાના.નં.૨)

## દેશમાં કુલ કોરોના કેસ ૯૬ લાખને પારઃ મૃત્યુઆંક ૧.૪૦ લાખથી વધુ

ન્યુ દિલ્હી,
દેશમાં કેટલાક રાજ્યોને બાદ કરતા કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે બહાર પાડેલા લેટેસ્ટ આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૬,૦૧૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કોરોના કુલ કેસનો આંકડો ૯૬,૪૪,૨૨૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૪,૦૩,૨૪૮ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જ્યારે ૯૧,૦૦,૭૯૨ દર્દીઓ સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૪૮૨ લોકોના મૃત્યુ થયા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧,૪૦,૧૮૨ થયો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ અત્યાર સુધી દેશમાં કોરોના વાયરસના કુલ ૧૪,૬૯,૮૬,૫૭૫ નમૂનાનું પરીક્ષણ કરાયું છે. જેમાંથી ૧૧,૦૧,૦૬૩ ટેસ્ટિંગ ગઈ કાલે કરાયા હતા.

## રાજ્યમાં પેટ્રોલના ભાવ રૂ.૮૦ને પાર ત્યારે ડીઝલના ભાવ રૂ.૮૦ની નજીક

ગાંધીનગર,
દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધી રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ પેટ્રોલના ભાવમાં વધારો નોંધાયો છે. ગુજરાતમાં પેટ્રોલના ભાવ વધીને ૮૦ રૂપિયાને પાર થઈ ગયો છે જ્યારે ડીઝલના ભાવ ૮૦ રૂપિયાની નજીક છે. અમદાવાદમાં શનિવારે પેટ્રોલની કિંમત પ્રતિ લીટરે રૂપિયા ૮૦ને પાર થઈને રૂપિયા ૮૦.૬૭ જ્યારે ડીઝલની કિંમત રૂ. ૭૯.૧૨ થઈ ગઈ હતી.

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલમાં સતત થઈ રહેલા ભાવ વધારાને કારણે દેશભરમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં છેલ્લા ૧૦ દિવસથી સતત વધારો થઈ રહ્યો છે. ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિયેશન પાસેથી પ્રાપ્ત માહિતી પ્રમાણેઅમદાવાદમાં ૪ ડિસેમ્બરની સરખામણીએ આજે પેટ્રોલની કિંમતમાં ૨૭ પૈસાનો વધારો નોંધાયો છે.

અમદાવાદમાં ૬ મહિના અગાઉ જુલાઈમાં પેટ્રોલની કિંમત પ્રતિ લીટરે રૂપિયા ૭૭.૮૭ હતી. ૫ ડિસેમ્બરના સાંજે પેટ્રોલની કિંમત રાજકોટમાં રૂપિયા ૮૦.૬૭, સુરતમાં રૂપિયા ૮૦.૫૭ જ્યારે વડોદરામાં રૂપિયા ૮૦. ૪૬ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લીમડાની મુવાડી દૂધ ઉ. મંડળી
મુ. લીમડાની મુવાડી, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કૃષ્ણદીપ યુવક મંડળ રાઠવા મુવાડા
મુ. વચલુ ફળીયુ-રાઠવામુવાડા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી કાળીડુંગરી દુ.ઉ.સ.મં. સિંગેડી
મુ. હોળી ફળીયું-સીંગેડી, તા. દે.બારીઆ

બંગલો વેચવાનો છે.
લુણાવાડા નગરમાં આશરે ૧૬૦૦ સ્ક્વેર ફુટનો જુનો બંગલો (લાકડાના બાંધકામવાળો)
રૂપિયા ૩૪૩૦/- પ્રતિ સ્ક્વેર ફુટના ભાવથી વેચવાનો છે.
સંપર્ક : ૯૭૩૭૬ ૨૦૦૦૪
સરનામું : પંડ્યાની ફળી, નગરપાલિકા, કચેરી પાછળ, ફુવારા અને બસ સ્ટેન્ડની વચ્ચે, લુણાવાડા, જી.મહિસાગર.
દલાલો મહેરબાની કરીને માફ કરો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૭૯ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૬-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૭૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૫૭૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૨૮૫૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૧૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૫ દર્દી લુણાવાડા (ઈઈઈ), ૦૬ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૨ દર્દીઓ સ્ટેબલ, ૧૪ દર્દીઓ ઓકિસજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

# વિરપુર નગરમાં માર્કેટ રવિવારે બંધ રાખવાનો વેપારીઓનો નિર્ણય

વિરપુર

વિરપુર તાલુકામાં જે ગતિથી કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે દિવસ દરમિયાન ૫ થી ૮ કેસો નોંધાયા છે. દિવાળી બાદ પણ વિરપુરના બજારોમાં કયાંક ને કયાંક ભીડ અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો. તો સાથે તંત્રની પણ બેદરકારી સામે આવી હતી. જેમાં કારણે વિરપુર નગરમાં કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેમ જોવા મળી રહ્યુ છે. કોરોના કાળથી વિરપુર નગરનુ માર્કેટ દર રવિવારે બંધ કરવા નિર્ણય લેવાયો હતો. પણ તહેવાર અને લગ્નના પ્રસંગો આવી જતાં વહેપારીઓ આ નિર્ણયને ભુલી ગયા અને રવિવારે પણ દુકાનો ચાલુ રાખતા હતા. જો કે સંક્રમણને દયાને રાખીને વેપારીઓ અને સ્થાનિક તંત્ર દ્વારા દર રવિવારે માર્કેટ બંધ રાખવા નિર્ણય લેવા આવતા વેપારીઓએ આ નિર્ણયને સમર્થન આપ્યુ છે.

# હાલોલના બાસ્કા ગ્રામ પંચાયતમાં આવેલ આનંદપુરની સીમમાં ગૌચર જમીનમાં દબાણ કરતા ગ્રામજનો દ્વારા વિરોધ સાથે રજુઆત

હાલોલ, હાલોલ તાલુકાના બાસ્કા ગ્રામ પંચાયતમાં આવેલ આનંદપુરા ગામની સીમમાં આવેલ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર લાકડાના ભંગારનો ધંધો કરી રહેલા ઈસમોએ દબાણ કરતા તેઓની વિરુદ્ધ આનંદપુરાના ગ્રામજનોએ મોટી સંખ્યામાં એકઠા થઈ ગૌચર જમીન પર દબાણ કરી લાકડાના ગોડાઉન સંચાલકો વિરુદ્ધમાં સુત્રોચ્ચાર કરી દબાણ દુર કરવા બાસ્કા પંચાયતને લેખિત રજુઆત કરી હતી.

હાલોલ તાલુકાના બાસ્કા ગ્રામ પંચાયતમાં આવતા આનંદપુરા ગામની કેટલીક ગૌચરની જમીનમાં લાકડાના ભંગારના ગોડાઉન માલિકોએ કબ્જો કરી દબાણ કરતા આનંદપુરાના ગ્રામજનોએ આ જગ્યા ખાલી કરવા મોટી સંખ્યામાં એકત્રિત થઈ આ ભંગારના ગોડાઉનમાં માલિકો મોટા માથાભારે હોવાથી ગેરકાયદેસર રીતે ખેતીલાયક જમીન પર લાકડાના ભંગારનો ધંધો કરી રહેલા ઈસમો વિરુદ્ધ આનંદપુરા ગ્રામ પંચાયત યુવાનોએ હોબાળો મચાવી સુત્રોચ્ચાર કરી જણાવવામાં આવ્યુ હતુ. કે ગામ પંચાયત જે જમીન ધંધાની પરવાનગી આપેલી છે કે કેમ એન.એ.થયેલી છે કે વીજ કનેકશન કયા આધારે મળેલુ છે સરપંચે કયા આધારે વીજ કનેકશનની પરમીશન આપી છે એવા પ્રશ્નો ઉઠાવી આનંદપુરા ગૌચર જમીનની આજુબાજુ રહેલી જમીન માલિક દ્વારા પોતાની જમીનને પચાવી પાડનારા પેતરા કરી રહ્યા હોઈ તેવુ ગ્રામજનો દ્વારા જણાવવામાં આવી રહ્યુ છે.

આ ગૌચરની જમીન પર જેસીબી દ્વારા સાફ-સફાઈ કરી કબ્જો જમાવી બેઠેલા માલિક તેમજ ગ્રામ પંચાયતને પુછતા આ જમીન ધંધાની પરવાનગી આપી છે કે નહિ તથા ખેતીલાયક જમીનને બિનખેતી લાયક છે કે નહિ, જમીન એન.એ.કર્યા વગર લાઈટ બિલ પરમીશન કોના દ્વારા આપવામાં આવી જેમાં ગ્રામજનો દ્વારા સરપંચ તેમજ ચાર્જમાં આવેલા તલાટી પાસે ખુલાસો માંગવામાં આવ્યો હતો. ગ્રામજનો દ્વારા બાસ્કા સેજાના તલાટીબેનને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. ગૌચર જમીન પર કબ્જો જમાવી બેઠેલા લાકડાના ભંગાર ધંધો કરી રહેલા હોય લાકડાનો મોટો જથ્થો હોય ગમે ત્યારે આગળ જેવી ઘટના બને તો મોટી દુર્ઘટના સર્જાવાની વકી નકારી શકાય તેમ નથી. માટે દબાણ કરતા ઈસમો વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી થાય તેવી ગ્રામજનોએ માંગણી કરી હતી. જો આ ગૌચરની જગ્યા ખાલી નહિ થાય તો અમે આગળ ઉગ્ર રજુઆત કરીશુ.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકા ના નદીસર ખાતે બંધારણ નાં ઘડવૈયા મહામાનવ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા એ તથા ગ્રામ પંચાયત માં શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રતિમા એ હિમાંશુ પંડયા અને વી.ડી. પરમાર દ્વારા પુષ્પાંજલિ કરી વિચારો પ્રગટ કરવા માં આવ્યા અને ગ્રામ પંચાયત માં વિજય ભાઈ માછી એ પુષ્પાંજલિ અર્પી. કાર્યક્રમ માં રક્ષિત શ્રીમાળી, એસ કે રાઠોડ, હરપાલ વિરપરા, હસમુખ શ્રીમાળી, હસમુખ ચૌહાણ, ભાવેશ રાઠોડ અને જીગ્નેશ રાઠોડ હાજર રહ્યા હતા.

# સંતરામપુરના વાંકાપુલ ચોકડી પાસેથી વાહનમાં લઈ જવાતી ૧ કરોડની ચલણી નોટો સાથે બે વ્યકિતઓ ઝડપાયા

સંતરામપુર, સંતરામપુરમાં વાંકાપુલ ચોકડીએ વાહન ચેકિંગમાં ચલણી નોટોના બંડલ ભરેલા બે થેલા સાથે બે ખેપિયાઓ ઝડપાયા હતા. પોલીસે બંને થેલામાંની નોટો ગણતા તે એક કરોડ રૂપિયા હોવાનુ આવકવેરાને આ સંબંધમાં સુચના આપતા આવકવેરા ખાતાએ તપાસ આરંભી છે. આ નાણાં હવાલાના હોવાનુ અનુમાન છે.

સંતરામપુર પોલીસે વાંકાપુલ ચોકડીએ વાહન ચોકડી તરફ પુરઝડપે આવતી હોવાથી ઈશારો કરી ઉભી રખાવી અને અંદર બેઠેલા ઈસમોની પોલીસે પુછપરછ કરતા તેઓ આ જણાવ્યા પ્રમાણે ગાડી ચાલક ભાઈલાલ અંબાલાલ પટેલ(રહે. રાઘવનામુવાડા, તા.લુણાવાડા)તથા પ્રકાશભાઈરાવળ (રહે.હરદાસપુર, તા.લુણાવાડા, જિ.મહિસાગર) હતુ. પોલીસે ગાડીમાં તપાસ કરતા બે થેલામાં રૂપિયા હોવાનુ જણાવતા સંતરામપુર પોલીસે રૂબરૂ થેલાઓ ખોલી જોતા તેમાં નોટોના બંડલો હતા જેની તપાસ કરતા તેમાંથી ૫૦૦ના દરની ૫૦૦નોટો મળી એક બંડલમાં રૂ.૨,૫૦,૦૦૦ લેખે રૂપિયા ૫૦૦ દરની ચલણી નોટોના કુલ ૪૦ બંડલના કુલ રૂપિયા એક કરોડની ચલણી નોટો મળી આવતા પોલીસ પણ આશ્રર્યચકિત થઈ ગઈ હતી. ગાડીમાંથી મળેલા આ એક કરોડ રૂપિયા અંગે ગાડી ચાલકને અન્ય ઈસમની પોલીસે પુછપરછ કરતા તેઓ ગભરાઈ ગયેલા અને આ રૂપિયા અંગે કોઈ સંતોષકારક જવાબ નહિ કરતા પોલીસે ગુનો દાખલ કરીને એક કરોડ રૂપિયા ગાડી કબ્જે લીધી છે.આ બનાવ અંગે આયકર વિભાગ વડોદરાને પોલીસે જાણ કરી હતી. આ બનાવ અંગેની અંગેની જાણ આયકર વિભાગ વડોદરાને થતાં આયકર વિભાગની ટીમ તરત જ સંતરામપુર પોલીસ મથકે જઈ તપાસ હાથ ધરી છે. આ રૂપિયા લઈ આવતી ગાડી વાંસવાડાથી ઝાલોદથી સંતરામપુર થઈ લુણાવાડા જતી હતી અને આ રૂપિયા એક કરોડ હવાલાના હોવાનુ જાણવા મળેલ છે.

# અંબાલી છાત્રાલયની કાવ્ય સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ



ગોધરા, અંબાલી છાત્રાલય સી.આર.સી ની સામલી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની કાવ્ય સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ આવતાં અભિનંદન પાઠવ્યા હતાં.

ગુજરાત રાજયના સ્થાપનાદિને કોરોના વોરિયર્સને સમર્પિત કરવા તેમજ તેઓનો ઉત્સાહ વધારવા માટે રાજયની તમામ શાળાઓમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી નિબંધ, ચિત્ર અને કાવ્ય એમ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. સમગ્ર જિલ્લામાંથી ૧૭,૭૦૦ જેટલી કૃતિઓ સ્પર્ધા માટે આવી હતી. જેનું શિક્ષણની સંલગ્ન કચેરીઓ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.

ગુજરાત સ્થાપના દિન નિમિત્તેની આ સ્પર્ધાઓમાંથી અંબાલી છાત્રાલય સીઆરસીની સામલી પ્રાથમિક શાળાની ધોરણ ૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુમારી રિયા ચૌહાણ કાવ્યલેખન સ્પર્ધા માં જિલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તેમજ શાળા તેમજ કલસ્ટરનું નામ રોશન કરેલ છે. જેને શિક્ષણભવન પંચમહાલના સિનિયર લેકચરર બી. એમ. સોલંકી અને ક્લસ્ટરના સીઆરસી કોઓર્ડીનેટર કૌશિક પટેલ દ્વારા ગૃહ મુલાકાત લઈ સરકાર ની ઈનામી રકમ રૂપિયા ૧૫,૦૦૦ નો ચેક અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા.આ ઉપરાંત વિદ્યાર્થીનીની કલાને ઉજાગર કરનાર માર્ગદર્શક શિક્ષક વિનોદભાઈ વણકર અને શાળાના આચાર્ય ભાવિકભાઈ મહાજનને સી.આર.સી કો-ઓર્ડીનેટર દ્વારા મહાનુભાવોના હસ્તે સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા ભાજપા અનુસૂચિત જાતિના મોરચાના પ્રમુખ નારણભાઈ પરમારે રૂ. ૫૦૧ રોકડ ઈનામ આપી અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.આ વિદ્યાર્થીની અગાઉ પ્રતિભાસંપન્ન બાળક તરીકેનું સન્માન મેળવી ચૂકેલ છે.

# હાલોલના બાસ્કા ગામે બાઈક અને રિક્ષા વચ્ચે થયેલ અકસ્માતમાં અદાવત રાખી થયેલ તકરારમાં બંને પક્ષો વચ્ચે મારામારી

હાલોલ, હાલોલ તાલુકાના બાસ્કા ગામે ગુરૂવારના રોજ રિક્ષા ચાલક દ્વારા મોટરસાયકલને ઓવરટ્રેક કરી રિક્ષા એકાએક વળાવી દેતા મોટરસાયકલ રિક્ષાની પાછળ અડકી જતાં આ નજીવી બાબતે રિક્ષા ચાલકે મોટરસાયકલ ચાલકને તેના મિત્રને ગાળો આપી માર માર્યો હતો. જેની અદાવત રાખી ઉજેતીના છોકરાઓ બાસ્કા ગામે જઈ રિક્ષા ચાલકને ત્યાં હાજર દસેક મિત્રોની સાથે તકરાર કરતા સામસામે પથ્થરમારો થયો હતો. અને મારક હથિયારોથી બંને પક્ષો સામે સામે હુમલો કરતા ત્રણથી ચાર ઈસમોને ભારે ઈજાઓ થઈ હતી. જેથી બંને પક્ષો દ્વારા સામસામે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશને મારમારીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની ફરિયાદ નોંધાવી છે.

હાલોલ તાલુકાના બાસ્કા ગામે ગુરૂવારના રોજ બપોરના અરસામાં ઉજેતી ગામના હાર્દિક ગુલાબ પરમાર અને તેનો મિત્ર અજય સામત પરમાર મોટરસાયકલ લઈ ઉજેતી તરફ જતા હતા ત્યારે બાસ્કાના આતીકહુસેન મકરાણી દ્વારા પોતાની રિક્ષા લઈ તેમની ઓવરટેક કરી એકાએક સાઈડ લાઈટ બતાડયા વિના રિક્ષાને વાળી દેવામાં આવતા, મોટરસાયકલ રિક્ષાની પાછળ અડી ગયુ હતુ. જેથી રિક્ષા ચાલક આતીકે બંને મોટરસાયકલ સવારને મા-બેન સમાની ગાળો બોલી માર માર્યો હતો. જે અંગેની જાણ હાર્દિક દ્વારા ગામમાં રહેતા તેમના મિત્રોને કરવામાં આવતા રાત્રિ અરસામાં રાહુલ રમેશ પરમાર, તથા તેના કાકા દશરથ પરમાર, તેમજ તેમના ૪ મિત્રો ગામના અન્ય છોકરાઓ સાથે બાસ્કા ગયા હતા. જયાં રિક્ષા ચાલક આતીક, આબિદ નજીર મકરાણી, સિરાજઉદ્દીન ઉર્ફે બાવો હુસેનઅલી મકરાણી તેમજ અન્ય ૫ ઈસમોને રાહુલે તેમના ગામના છોકરાઓને નજીવી બાબતે માર કેમ માર્યો તેવુ પુછતા જ આતીક, સિરાજઉદ્દીન ઉર્ફે બ્રાવોને તેમના અન્ય મિત્રો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૭-૧૨-૨૦૨૦, સોમવાર, નિજ કારતક વદ-૭, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્ર: મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૧૭થી ૧૩-૦૦ સુધી, ૭-૧૫ થી અમૃત-૮-૩૫ સુધી, ૯-૫૭થી શુભ-૧૧-૧૮ સુધી, ૧૩-૫૯થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૪૧ સુધી, ૨૨-૫૯થી લાભ-૨૪-૩૯ સુધી

- શુભ હોરા-
૭-૧૫થી ૮-૦૯ સુધી, ૯-૦૩થી ૯-૫૭ સુધી, ૧૧-૪૫ થી ૧૪-૨૬ સુધી, ૧૫-૨૦થી ૧૬-૧૪ સુધી

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-પંચમહાલ (વેજલપુર) ખાતે આંતરાષ્ટ્રીય મુદ્દા દિવસનું આયોજન



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, પ્રતિ વર્ષ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-પંચમહલ, વેજલપુર ખાતે ૦૫ ડિસેમ્બર ના રોજ ''વિશ્વ મૃદા દિવસ''નું આયોજન કરવામાં આવે છે. આ ક્રમમાં આ વર્ષે તારીખ ૦૫.૧૨.૨૦૨૦ ના રોજ કેન્દ્ર દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં કુલ ૪૬ ભાગીદારો ઉપસ્થિત રહ્યા. આ વર્ષે આયોજન નો મૂળ વિષય ''જમીન ને જીવિત રાખવી, જમીન જૈવ વિવિધતા બચાવવી '' કેન્દ્ર ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને પ્રધાન ડો. કનક લતાએ જમીન સ્વાસ્થ્ય તેમજ જૈવ વિવિધતા ને બચાવવા બાબતે ખેડુતોને જાગરૂક કર્યા. કેન્દ્ર ના વિષય વિશેષજ્ઞ (પાક સંરક્ષણ) ડો. શકિત ખજુરિયાએ ટ્રાયકોડમા દ્વારા જૈવિક ખાતર નું મૂલ્ય વર્ધન કરી ઉપયોગ કરવાની તકનીકનું પ્રદર્શન કરવામાં આવ્યું. ખેડુતોએ રૂચિપૂર્વક તકનીક ની જાણકારી લીધી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિશિષ્ટ મેહમાન એન.ઓ.એસ.ટી.સી. નવી દિલ્લીના મહાસચિવ સંજીવ કુમાર સિંહાએ ખેડુતોને જમીનની સ્વસ્થતા માટે અળસિયાની માવજત તેમજ જૈવિક ખાતરના મહત્વતા વિશે જણાવ્યુ. કાર્યક્રમના અંતમાં બધા ભાગીદારીઓએ સંકલ્પ લિધો કે જમીનને સ્વસ્થ રાખવામાં માટે જૈવિક કૃષિ પદ્ધતિ અપનાવિશું.

## દૈનિક રાશીફળ

તા.૦૭.૧૨.૨૦૨૦ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.
મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.
કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.
સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.
કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.
તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.
વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.
મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.
કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.
મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

(પાન નં.૧ નું ચાલુ)

## સાતવે કહ્યું- ૭/૧૨નાં.....

જોડાવવું જ પડશે. આ બિલ લોકસભા-રાજયસભા આવ્યું ત્યારે સરકારે કહ્યું હતું ખેડૂત ગમે ત્યાં ખેત પેદાશ વેચી નહી શકે. બે રાજય હરિયાણા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ આ સ્પષ્ટ કર્યું છે. તો શું હવે ગુજરાતનો ખેડૂત મધ્યપ્રદેશમાં ખેત પેદાશ નહિં વેચી શકે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ ખેડૂતોને જેલમાં નાખવાની વાત કરી છે. છેલ્લા ૬ વર્ષમાં કેન્દ્ર સરકારે એક પણ સારું કામ ખેડૂતો માટે કર્યું નથી.હવે ત્રણ કાળા કાયદા કેન્દ્ર સરકાર લઈને આવી છે. ખેડૂતોને શું જોઈએ છે તે ખેડૂતોને પૂછવાની જરૂર હતી. MSP( મિનિમમ સપોર્ટ પ્રાઈસ) ની વાતમાં અનેક રાજયના ખેડૂતો જાગ્યા છે. અમે અનેકવાર કહ્યું ખેડૂતોની વાત સંભાળવાની જરૂર છે તો અમને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા. ગુજરાતમાં ખેડૂતોને પાક વીમો નથી મળ્યો અને અનેક જિલ્લા તાલુકામાં વધારે વરસાદ થવાથી પાકને નુકસાન થયું છે. રાજ્ય સરકારે ખેડૂતોને વળતર પણ આપ્યું નથી.

## સિવિલમાં કોરોનાનો કહેર.....

કોરોનાનો રીપોર્ટ નેગેટિવ દર્શાવીને ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા પછી ૧૨ દિવસ બાદ મહિલાનું મોત નીપજયું હતું. સિવિલ સત્તાવાળાઓની ઘોર બેદરકારીને કારણે ૭૩ વર્ષના લતાબેન બ્રહ્મભટ્ટે જીવ ગુમાવવો પડયો હોવાનો લતાબેનના સગાંઓએ આક્ષેપ કર્યો છે.

દર્દીના સગાંઓના કહેવા મુજબ, તા. ૨૫ નવેમ્બરે ૭૩ વર્ષના લતાબેન બ્રહ્મભટ્ટને શેલ્બી હોસ્પિટલમાં કોવિડ-૧૯નો રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને ત્યારપછા તેમને સારવાર માટે કોરોનાના દર્દીઓ માટે તૈયાર કરાયેલી ૧,૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. દાખલ કરાયા પછી ફકત ૨૪ કલાકમાં આ મહિલાનો કોરોનાનો ટેસ્ટ કરીને તેમનો રીપોર્ટ 'નેગેટિવ' દર્શાવીને તેમને ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા હતા.

## ફાઈઝરે ભારતમાં કોરોના....

mRNA જેવી એડવાન્સ તકનીક પર આધારિત છે. રસીનું કોડનામ મ્દ્ર૧૬૨હ્વ૨ છે. આ રસીનું એફેકસી ડેટા દર્શાવે છે કે તે ૯૫% સુધી અસરદાર છે, પરંતુ ભારતમાં તેનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી. ભારતમાં આ રસીનો ઉપયોગ કરવા માટે કંપનીએ તે જ ડેટા આપવો પડશે જે તેણે યુકે રેગ્યુલેટરની સમક્ષ મૂક્યો હતો.

ફાઈઝરની રસીમાં સૌથી મોટી સમસ્યા કોલ્ડ સ્ટોરેજ છે. તેને -૭૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાને સ્ટોર કરવી પડે છે. ભારત જેવા દેશમાં આવા નીચા તાપમાને રસી સંગ્રહ કરવાનું કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે મહામારીના સમયમાં કંપની સરકારી કરાર દ્વારા જ રસી સપ્લાય કરશે. રસીની કિંમત યુ.એસ. માં પણ ૪૦ ડોલરથી વધુ છે, એવામાં ભારતની તેની કિંમત વધુ રહી શકે છે.

બે દેશોમાં ફાઈઝરની રસીની મંજૂરીની વચ્ચે કંપનીના સીઈઓ ડો.આલ્બર્ટ બુર્લાએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હજી સુધી તે સ્પષ્ટ નથી થયું કે જે લોકો રસી લેશે તેઓ ચેપને વધુ આગળ ફેલાવશે કે નહીં. તેમણે એનબીસી સાથે વાતચીતમાં કહ્યું કે તેના પર વધુ તપાસની જરૂર છે, અત્યારે હમણાં જેટલી ખબર છે તેના આધાર પર તે કંઈપણ કન્ફર્મ કહી શકે નહીં.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગરબાડાના વડવા ગામે પિતાના હત્યાના કેસમાં પોલીસ અને અધિકારીઓનો હાથ હોવાની રજૂઆત પુત્રએ મુખ્યમંત્રીને કરી

દાહોદ, દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વડવા ગામે એક અરજદારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને લેખિતમાં પત્ર લખી જણાવ્યાં છે કે, અરજદારના પિતાને ગામમાં રહેતા કેટલાક માથાભારે તથા જેસાવાડ પોલીસ મથકના કેટલાક જવાબદાર પોલીસ કર્મચારીઓ સહિત દાહોદના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રે તેમજ એક મેડીકલ ઓફિસર સહિતના ઈસમો દ્વારા એકબીજાના મેળાપીપણામાં મોતને ઘાટ ઉતારી લાશને તળાવમાં ફેંકી દેવામાં આવી હતી અને આ સંદર્ભે સ્થાનીક પોલીસ પણ આ માથાભારે ઈસમો વિરૂધ્ધ કોઈ કાર્યવાહી ન કરતી હોઈ મુખ્યમંત્રી સમક્ષ ન્યાયની ગુહાર માટે લેખિત અરજી કરતાં દાહોદ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગરબાડા તાલુકાના વડવા ગામે કટારા ફળિયામાં રહેતા રાકેશભાઈ રામસીંગભાઈ કટારા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને લખવામાં આવેલ અરજીમાં જણાવ્યા અનુસાર, કાળાભાઈ નારસીંગભાઈ બીલવાળ, રેશમબેન કાળાભાઈ બીલવાળ, ચંદુબેન નરસીંગભાઈ બીલવાળ, કસુભાઈ વિછીયાભાઈ પરમાર, અમરસિંગભાઈ નરજીભાઈ બારીયા, ગવરીયાભાઈ પુંજાભાઈ બારીયા, ગવરીયાભાઈ પુંજાભાઈ બારીયા, કાજુભાઈ કસુડાભાઈ બીલવાળ, અરવિંદભાઈ ગુમાનભાઈ ચારેલ (એ.એસ.આઈ.જેસાવાડા પોલીસ મથક), એસ.પી. નલવાયા (એક્ઝીક્યુટીવમેજસ્ટ્રેટ, દાહોદ), પી.એસ.આઈ. જેસાવાડા પોલીસ સ્ટેશન, પોલીસ કોન્સ્ટેબલ કેસરસિંગ સોમાભાઈ( જેસાવાડા પોલીસ મથક), મેડીકલ ઓફિસર (પી.એચ.સી.સેન્ટક, બાવકા) આ તમામ ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં રાકેશભાઈના પિતા રામસિંગભાઈની લાશ ગામના કુવામાંથી મળી આવી હતી. ઉપરોક્ત કાળાભાઈ, રેશમબેન, ચંદુબેન, કસુભાઈ, અમરસિંગ, ગવરીયાભાઈ, કાજુભાઈ, અરવિંદભાઈ સાથે રામસીંગભાઈનો ઝઘડો તકરાર થયો હોવાનું તેમના પુત્રને બાદમાં માલુમ પડ્યું હતુ અને આ સંદર્ભે તેઓ પોલીસ મથકે જઈ ફરીયાદ પણ દાખલ કરવવવા માંગતા હતા પરંતુ ત્યાના ઉપરોક્ત જવાબદાર ઈસમો દ્વારા ફરિયાદ ન લઈ અન્યાય કર્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તમામ પોલીસ અધિકારી સહિતના કર્મચારીઓએ એકબીજાના મેળાપીપણામાં રાકેશભાઈને ડરાવી ધમકાવી ભગાડી મુક્યા હતા. આ તમામ સંદર્ભે રાકેશભાઈ કટારા દ્વારા ન્યાયની ગુહાર માટે મુખ્યમંત્રી આ સંદર્ભે કંઈક ઘટતું કરી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી અને સાથે જ આક્ષેપ પણ કરવામાં આવ્યો છે રામસીંગભાઈને મોતને ઘાટ ઉતારી તેઓની લાશને તળાવમાં ફેંકી દેવામાં આવી છે.

## દાહોદના યુવક પરણિત મહિલા સાથેના સંબંધનોની પરિવારને જાણ થતાં હતાશામાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ, દાહોદના યુવકને પોતાના સગપણમાં થતી પરણિત યુવતી સાથે સંબધો બંધાયા હતા. પરિવારને આ સંબધોની જાણ થતા પરિવારમાં ખળભળાટ મચ્યો હતો. પરિવાર આ સંબધોનો વિરોધ કરતો હોવાથી બંને સાથે નહી રહી શકે એ શક્ય નહોતુ બનતુ. ત્રણ દિવસ પુર્વે આ મુદ્દે યુવકને પરિવારજનો સાથે ઝઘડો પણ થયો હતો. આ ઝઘડા પછી હતાશ થઈ ગયેલા અપરણીત યુવકે ફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું છે. આપઘાત પુર્વે લખેલી અંતિમ ચિઠ્ઠીમાં યુવકે પ્રેમિકાને આઈ લવ યુ આપણે આવતા જનમમાં મળીશું લખીને પોતે જીવન ટુકાવી રહ્યો હોવાનો ઉલ્લેખ પણ કર્યો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વાંકોલ ગામે રહેતો ૨૬ વર્ષનો રમેશ સેંગાભાઈ ડામોર છેલ્લા બે મહિનાથી સંગમ ચાર રસ્તા લાલબહાદુર શોપિંગ સેન્ટરમાં આવેલી અંબિકા વિજય રસઘર નામની દુકાનમાં નોકરી કરતો. દુકાન માલિકે તેને દુકાનમાં જ રહેવા માટેની વ્યવસ્થા કરી આપી હતી. શનિવારે સવારે દુકાન માલિકે દુકાન ખોલી તો અંદર રમેશ ડામોરે પંખા પર ફાંસો ખાઈ લીધો હતો. તેમણે તરત કારેલીબાગ પોલીસને જાણ કરી હતી. કારેલીબાગ પોલીસના પો.હે.કો. અશ્વિનભાઈએ ઘટનાસ્થળે જઈને તપાસ કરતા મૃતકે લખેલી અંતિમ ચિઠ્ઠી મળી આવી હતી. તેણે પ્રેમિકાનું નામ લખી આઈ લવ યુ આપણે આવતા જનમમાં મળીશુ તેવુ લખ્યુ હતુ. તેણે પોતાના કેટલાક સંબંધીઓના કોલ ડિટેઈલ્સ કઢાવવાનુ પણ લખ્યુ હતુ.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે મૃતક રમેશ ડામોરને પોતાના સગામાં જ થતી એક પરણીત યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો. અને છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે સંબંધો હતા. આ પ્રેમિકા તેના દુરના સગપણમાં થતી હતી. આ પ્રમસંબંધની જાણ રમેશના પરિવારજનોને થઈ જતા ત્રણ દિવસ પુર્વે રમેશને પરિવારજનો સાથે ઝઘડો પણ થયો હતો. પ્રેમ સંબંધના કારણે જ રમેશ ડામોરે આપઘાત કરી લીધો હતો. રમેશની પરણિત પ્રેમિકા સગપણમાં જ થતી હોય તેના પરિવારમાં પણ આ બાબતે નારાજગી હતી.

## કોરોનાના સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત હવે નવમાં સ્થાને

મહેસાણા, ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૫૧૪ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ છે. આ સાથે જ ગુજરાતમાં કુલ સંક્રમિતોનો આંક હવે ૨,૧૭,૩૩૩ છે. ગુજરાતમાં છેલ્લા ૧૨માંથી ૧૧ દિવસમાં કોરોનાના કેસનો આંક ૧૫૦૦થી વધારે નોંધાયો છે. હાલમાં ૧૪૭૪૨ એક્ટિવ કેસ છે જ્યારે ૯૦ દર્દી વેન્ટિલેટર પર છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૫ સાથે કોરોનાથી કુલ મરણાંક હવે ૪૦૬૪ છે. ડિસેમ્બરના પ્રથમ પાંચ દિવસમાં જ ૭૫૫૩ કેસ નોંધાયા છે જ્યારે ૭૫ના મૃત્યુ થયા છે.

સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત હવે નવમાં સ્થાને છે. હાલ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮૩૮૫૯ એક્ટિવ કેસ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરમાંથી ૨૯૬-ગ્રામ્યમાંથી ૩૬ એમ ૩૩૨ નવા કેસ સાથે કુલ કેસનો આંક હવે ૫૧૭૨૪ છે. ડિસેમ્બરમાં અત્યારસુધી અમદાવાદમાં ૧૬૪૭ કેસ નોંધાઈ ચૂક્યા છે.

# ખેડુત આંદોલન

**લેખક : ભાવિન જસાણી**

હાલ માં પુરા દેશ માં જે વાત ચાલી રહી છે તે છે ખેડૂત આંદોલનની ઘણા લોકો આને રાજકીય આંદોલન, સી.એ.એ. ૨ વગેરે ઉપનામો આપી રહ્યા છે પરંતુ આજે આપણે વાત કરવી છે કે હકીકત શુ છે શુ ખેડૂતો એમ નેમ જ પોતાના ઘર બાર છોડી ને આવી કાતિલ ઠંડી માં દિલ્હી માં ટ્રકો માં રહેવા આવી ગયા છે શુ આ ખેડૂતો ને પોલીસ ના ડંડા અને પાણી મારો સહન કરવા માં મજા આવે છે અત્રે આપણે આ તમામ વાતો ની વિસ્તૃત માં ચર્ચા કરશુ, અહીં એક વાત હું સપષ્ટ કરી દેવા માંગુ છું કે ભારતીય કિશાન સંઘ એ પણ આ કાયદા નો વિરોધ કર્યો હતો.

આમાં એવું બતાવવા માં આવે છે કે ભારત નો ખેડૂત આ કાયદા ના અમલીકરણ પછી આખા ભારત માં પોતાનો માલ વહેંચી શકશે, તો આમાં નવું શુ આવ્યું એ મને ન ધ્યાન માં આવ્યું કેમકે પેલા પણ આપણે મહારાષ્ટ્ર ની રત્નાગીરી કેરી ખાતા જ હતા અને મહારાષ્ટ્ર માં પણ ગીર ની કેસર કેરી ખાવાતી જ હતી. આ બિલ માં એક એવી વાત કરવા માં આવી છે કે જેમ માર્કેટિંગ યાર્ડ માં અત્યાર સુધી ખેડૂતો પોતાનો પાક વહેંચતા હતા એવી જ રીતે હવે ખેડૂત સીધું કંપની અને કોર્પોરેટ ને પોતાનો પાક વહેંચશે અને કારણ એ આપવા માં આવે છે કે જે માર્કેટિંગ યાર્ડ માં દલાલી લાગતી હતી તે હવે દલાલી નહીં લાગે એની બચત થશે પણ આમાં મોટો પ્રસ્ન એ થશે કે શરૂઆત ના ધોરણે ખેડૂત ને જે દલાલી બચે છે એનો ફાયદો તો હર એક ખેડૂત લેશે પણ જો આવી સીધી રીતે જ વહેંચવા લાગશે બધૂ તો પછી એ.પી.એમ.સી ની આવક શું રહેશે? અને જો એની આવક જ બંધ થઇ જશે તો ભવિષ્ય માં એવુ પણ બને કે માર્કેટિંગ યાર્ડ બંધ કરવા પડે અને જો માર્કેટિંગ યાર્ડ બંધ થાય તો પછી ખેડૂતો ને ફરજીયાત પણે આવા કોર્પોરિટ પાસે જ વહેંચવા આવુ પડે, આમાં મોટો ખેડૂત હોય તો એ તો ભાવતાલ કરી શકે પણ નાનો ખેડૂત હશે તો એ કઈ રીતે ભાવતાલ કરશે કેમ કે એના માટે તો એ શક્ય જ નથી ક્યાં મોટી કંપની અને ક્યાં આ ખેડૂત અને એક સર્વે પ્રમાણે ભારત ના ૮૦% થી પણ વધારે ખેડૂતો પાસે ૨ એકર થી ઓછી જમીન છે. માર્કેટિંગ યાર્ડ બંધ થઇ જશે એવી શંકા સાવ પાયા વિનાની નથી આપણી પાસે બી.એસ.એન.એલ નુ ઉદાહરણ છે જ જયારે પ્રધાનમંત્રી જીઓ ના ઉદઘાટન માં આવ્યા હતા ત્યારે પણ તેમણે કહેલું કે જીઓ ના આવવા થી બી.એસ.એન.એલ ને ફેર નહીં પડે અને અત્યારે આપણે આ પરિસ્થિતિ જોઈએ જ છીએ બી.એસ.એન.એલ. ની આમાં બીજી તકલીફ એ પણ છે કે જો માર્કેટિંગ યાર્ડ ની સિસ્ટમ બંધ થશે તો જે માર્કેટિંગ યાર્ડ ના ધંધા થી સંકળાયેલ લોકો હશે જેમ કઈ દલાલો, મજૂરો, ત્યાં ના એકાઉન્ટન્ટ એ બધા ને થોડી જાજી અસર તો થશે જ થશે એના ધંધા ક્યાંક તો ધીમા પડશે જ.

બીજું બિલ છે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પર નુ તો એમાં એવુ બતાવવા માં આવ્યું છે કે ખેડૂત ને પોતાના પાક માંથી થનારી આવક પહેલે થી જ ખબર હશે એને પૂરતો ભાવ મળી રહેશે બજાર તૂટી ગઈ હશે તો પણ એને તો પૂરતો ભાવ મળી શકશે આ વાતો ઓન પેપર બહુ જ સારી લાગે પણ મોટી મોટી જાયન્ટ કંપનીઓ અને મોટા મોટા કોર્પોરિટ આમાં આવશે તો શુ ખેડૂતો ખાટી ને જશે ?? શુ માર્કેટિંગ યાર્ડ નુ મહત્વ ઘટી ગયા પછી મોટા કોર્પોરિટ ખેડૂતો ને પૂરતા ભાવ આપશે એની શું ગેરેન્ટી ? આમાં ખેડૂતો ની એક માંગ છે કે કોન્ટ્રાકટ ના કાયદા માં ટેકા ના ભાવ ને જોડી દેવામાં આવે તો એના લીધે ખેડૂતો ને પણ ચિંતા નહીં પણ જોયે સરકાર આમાં શુ પગલાં લેશે.

ત્રીજા કાયદામાં વાત કરવા માં આવી છે એ એવી છે કે ઘણી બધી કોમોડીટી માં સરકાર માર્યાદિત સ્ટોક કરવા ની પરવાનગી આપતી હતી પરંતુ આ કાયદા માં ફેરફાર કરી ને સરકારએ ઘણી બધી જણસ આ લિસ્ટ માંથી બાકાત કરી નાખી તો એનો સીધો લાભ મોટા સ્ટોકિસ્ટો અને મોટા વેપારીઓ ને થશે આ એક આર્ટિફિશ્યિલ ભાવવધારો ઉભો કરવામાં મદદરૂપ થશે.

અહીં ઘણા એવી દલીલો આપે કે આ પંજાબ અને હરિયાણા ના ખેડૂતોને જ આની સાથે તકલીફ છે પરંતુ હકીકત એ છે કે આખા દેશ ના ખેડૂતો ની આ મન ની વાત છે કે તેને ટેકા ના ભાવ ફક્ત કાગળ પર નથી જોતા એને એ ભાવ બજાર માં પણ એને મળે એવુ તે ઈચ્છે છે અહીં ઉમાશંકર ની કવિતા ની એક નાની પંકતિ યાદ આવે કે,

કોટિક જીભ ફેલતો ભૂખ્યાં જનોનો
જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ના લાધશે

પણ અહીં પ્રશ્ન એ પણ થાય કે શુ આ કાયદાઓ પાછા ખેંચી લેવાથી ખેડૂતોની સ્થિતિ સુધરી જશે ? તો એનો જવાબ આવે ના કેમ કે ભારત ના ખેતી ક્ષેત્ર માં ઘણા બધા સુધારા વધારા કરવા ની જરૂર છે અને આ સુધારા વધારા સરકાર ના હાથ થી જ થાય એ જ બધા માટે હિતાવહ છે નહિ કે પ્રાયવેટ કંપની કે કોર્પોરિટ થી.

# લાયન્સ કલબ દ્વારા કપડાનું વિતરણ કરાયું

દાહોદ, ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ ઋ૧ રિજિયન સાત ઝોન- બે માં આવેલ લાયન્સ કલબ ઓફ દાહોદ સિટી દ્વારા લક્ષ્મીનગર પાછળ રળિયાતી રોડ પર સ્લમ વિસ્તારમાં કપડાનું વિતરણ કરવામાં આવ્યો હતો ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા જે પી ત્રિવેદી ના સૂત્ર મ‘‘જોય ઓફ ગિવીગ’’ને સાર્થક કર્યો હતો આ પ્રસંગે ઝોન ચેરમેન લા કમલેશ લીમ્બાચીયા પ્રમુખ લા રાજ કુમાર સહેતાઈ સેક્રેટરી લા સેફીભાઈ પિટોલવાલા ટ્રેઝરર લા યુસુફી કાપડિયા ના હસ્તે કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

દાહોદ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન મંડળ અને ઈન્ટરનેશનલ એસોસીએશન આપે લાયન્સ કલબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ એફ ૧ રિજિયન ૭ અને ઝોન ૨ દ્વારા આયોજિત વેબિનાર ‘‘સ્ટુડન્ટ મેન્ટલ હેલ્થ ડ્યુરીગ covid-19’’ તારીખ ૫ ૧૨ ૨૦૧૯ ને શનિવારના રોજ ૫:૦૦ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના મિતાલી એન્ડ પાર્ટી દ્વારા કરવામાં આવી. રાષ્ટ્રધ્વજ વંદના લા સેફીભાઈ પિટોલવાલા દ્વારા કરવામાં આવી. પ્રિસાઈડિંગ ઓફિસર લા કમલેશ લીમ્બાચીયા ઝોન ચેરમેન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું આવ્યુ. ઉદઘાટક લા જે પી ત્રિવેદી ડિસ્ટ્રિક્ટ ગવર્નર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોદન કરવામાં આવ્યું મુખ્ય મહેમાન જિલ્લાના શિક્ષણાધિકારી મતિ કાજલબેન દવે દ્વારા પણ બાળકોને પ્રોત્સાહિત થાય તેવું ઉદબોદન કર્યું હતું વેબિનાર ના મુખ્ય વક્તા ડો રમેશ આર પરમાર એમડી (મનોચિકિત્સક) દ્વારા સાયન્સના વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય, કોરોના વિશેની કઈ તકેદારી રાખવામાં આવે, કેવી રીતે વાંચવું,ઓનલાઈન અભ્યાસ, જેવા અગત્યના મુદ્દા ઉપર પોતાના સચોટ માર્ગદર્શન આપ્યું હતું. પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રશ્નોનુ નિરાકરણ કર્યું હતું સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આભારવિધિ લા યુસુફી કાપડિયા દ્વારા કરવામાં આવી હતી.આ વેબિનારમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાઈ અને સફળ બનાવ્યો હતો.

દાહોદ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન મંડળ અને ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ એફ ૧ રિજિયન ૭ અને ઝોન ૨ દ્વારા આયોજિત વેબિનાર ‘‘ સ્ટુડન્ટ મેન્ટલ હેલ્થ ડ્યુરીગ ભજ્ઞદશમ-૧૯ ‘‘ તારીખ ૫ ૧૨ ૨૦૧૯ ને શનિવારના રોજ ૫:૦૦ રાખવામાં આવ્યો હતો કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના મિતાલી એન્ડ પાર્ટી દ્વારા કરવામાં આવી. રાષ્ટ્રધ્વજ વંદના લા સેફીભાઈ પિટોલવાલા દ્વારા કરવામાં આવી. પ્રિસાઈડિંગ ઓફિસર લા કમલેશ લીમ્બાચીયા ઝોન ચેરમેન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું આવ્યુ. ઉદઘાટક લા જે પી ત્રિવેદી ડિસ્ટ્રિક્ટ ગવર્નર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોદન કરવામાં આવ્યું મુખ્ય મહેમાન જિલ્લાના શિક્ષણાધિકારી મતિ કાજલબેન દવે દ્વારા પણ બાળકોને પ્રોત્સાહિત થાય તેવું ઉદબોદન કર્યું હતું વેબિનાર ના મુખ્ય વક્તા ડો રમેશ આર પરમાર એમડી (મનોચિકિત્સક) દ્વારા સાયન્સના વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય, કોરોના વિશેની કઈ તકેદારી રાખવામાં આવે, કેવી રીતે વાંચવું,ઓનલાઈન અભ્યાસ, જેવા અગત્યના મુદ્દા ઉપર પોતાના સચોટ માર્ગદર્શન આપ્યું હતું. પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રશ્નોનુ નિરાકરણ કર્યું હતું સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આભારવિધિ લા યુસુફી કાપડિયા દ્વારા કરવામાં આવી હતી.આ ૨૦૦થી વધુ સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાઈ વેબિનાર ને સફળ બનાવ્યો હતો.

## દાહોદ જિલ્લાના ફ્રન્ટલાઈન કોરોના વોરિર્યસ લીમખેડા પ્રાંત અધિકારી દિનેશભાઇ હડીયલનું કોરોના સંક્રમણથી અવસાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લાના ફ્રન્ટલાઈન કોરોના વોરિર્યસ લીમખેડાના પ્રાંત અધિકારી દિનેશભાઇ હડીયલનું કોરોના સંક્રમણથી ૪૯ વર્ષની વયે અવસાન થયું છે. જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર વિજય ખરાડી, નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે સહિતના અધિકારીઓ, કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળીને સદગતને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રાંત અધિકારી હડીયલનો ગત તા. ૧૯ નવેમ્બરના રોજ કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો હતો અને સત્તર દિવસ સુધી કોરોનાનો સામનો કર્યા બાદ તેમણે આજે સવારે પાંચ વાગે અંતિમ શ્વાસ લીધા હતા. પ્રાંત અધિકારી ડી.કે. હડીયલે વર્ષ ૨૦૦૫ માં તાલુકા વિકાસ અધિકારી તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. ગત તા. ૯ નવેમ્બરે તેમને એડીશનલ કલેક્ટર તરીકે બઢતી મળી હતી. તાલુકામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિર્યસ તરીકે તેઓએ ઉમદા કામગીરી કરી હતી. કલેક્ટર વિજય ખરાડીએ પ્રાંત અધિકારીના નિધન માટે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને શોકસંતૃપ્ત પરિજનો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી છે.

## ઝાલોદની મીરાખેડી ગામે ઢોર ચરાવવા મામલે ઝગડામાં ઈજાઓ

ઝાલોદ, ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે જમીનમાં ઢોરો ચડાવવાના મામલે ચાર જેટલા ઈસમોએ એક વ્યક્તિને લાકડાના ડફણા વડે તેમજ ગડદાપાટુનો મારમારી ગંભીર ઈજાઓ પહોંચાડતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

મીરાખેડી ગામે રહેતા ચીમનભાઈ લીંબાભાઇ, બદિયાભાઈ લીંબાભાઇ, અંબોડાભાઈ તેમજ બીજા એક વ્યક્તિ મળી ચાર જણાએ ગત તારીખ ૪ ડિસેમ્બરના રોજ પોતાના જ ગામમાં રહેતા સુરેશભાઈ રમસુ ભાઈ મહિડા ના ઘરે આવી ધોરો ચલાવવાના મામલે ઝઘડો તકરાર કરી પોતાની સાથે લાકડા હાથમાં લઈ દોડી આવી સુરેશભાઈને ગંભીર માર માર્યો હતો અને શરીરે ઈજાઓ પહોંચાડતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સંબંધે સુરતા બેન સુરેશભાઈ મહિડા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાવાગઢ મુખ્ય હાઈવે રોડ પર ખુંદપીર દરગાહ પાસે અજાણ્યા વાહનની ટકકરે દિપડાનુ મોત

પાવાગઢ, પાવાગઢની તળેટી ખાતે મુખ્ય હાઈવે રોડ પર આવેલ ખુંદપીર દરગાહ પાસે અજાણ્યા વાહને રોડ પર આવી ચઢેલા દિપડાને જીવલેણ ટકકર મારતા દિપડો રોડ પર પછડાયો હતો. જેમાં દિપડાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. અજાણ્યા વાહનની ટકકર વાગતા દિપડો ગંભીર રીતે ઘવાઈ રોડ પર પડેલો જોતા બનાવ અંગેની જાણ વનવિભાગે કરાતા વનવિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી રોડ પર ગંભીર રીતે ઈજાગ્રસ્ત દિપડાને સ્થળ પરથી જાળમાં ઉઠાવી વનવિભાગના વાહનમાં નાંખી સારવાર અર્થે જાંબુઘોડા પશુ દવાખાના ખાતે લઈ ગઈ હતી. જયાં દિપડાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેની હાલત અત્યંત નાજુબ કોઈ તબીબ દ્વારા તેની સારવાર શરૂ કરાઈ હતી. પરંતુ સારવાર દરમિયાન દિપડાનુ મોત નીપજયું હતુ. ઈજાગ્રસ્ત દિપડાને વન વિભાગની ટીમ સ્થળ પરથી ૩૦ થી ૩૫ કિમી દુર આવેલ જાંબુઘોડાના પશુ દવાખાને સારવાર માટે લઈને સ્થળ પરથી પશુ દવાખાના સુધી પહોંચવા અડધોથી પોણો કલાકનો સમય વેડફાયો હતો. જેમાં સારવાર દરમિયાન માથામાં ગંભીર ઈજાઓના પરિણામે મોત નીપજયું હતુ.

## ABVP દાહોદ શાખા દ્વારા સામાજિક સમરસતા દિન ની ઉજવણી

દાહોદ, ૬ ડિસેમ્બર સંવિધાન નિર્માતા, ભારત રત્ન વિશ્વ વિભૂતિ ડો.બાબાસાહેબ આંબેડકર ની પૂણ્યતિથિ નિમિત્તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દાહોદ શાખા દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર માલ્યાર્પણ કરી પૂજનનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કાર્યક્રમમાં દાહોદ જિલ્લા અદયક્ષ ડો. શ્રેયસભાઇ પટેલ, દાહોદ નગર ઉપાદયક્ષ જયકિશનભાઇ રામાનંદી, દાહોદ નગરમંત્રી સુધીરભાઇ મેડા, નગરસહમંત્રી તેજસભાઇ ઉપાધ્યાય અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિતિ રહ્યા.

## ધાનપુર તાલુકાના કણઝેર ગામમાં જંગલમાં ઘાસ કાપતા વ્યક્તિ ઉપર દીપડાનો હુમલો

ધાનપુર, ધાનપુર તાલુકાના કણઝેર ગામમાં આજે વહેલી સવારે જંગલમાં ઘાસ કાપતા એક આધેડ વ્યકિત ઉપર દીપડાએ હુમલો કર્યો હતો. વરિયાભાઇ નામના વ્યકિત ઉપર દીપડાએ પાછળથી હુમલો કરતા વરિયાભાઈને માથામાં, પગના ભાગે તથા હાથના ભાગે દીપડાએ પંજો મારતા વરીયાભાઈ ઘાયલ થયા હતા. વરિયાભાઈએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવતા દીપડો જંગલમાં ભાગી છુટયો હતો અને દીપડાના હુમલામાં ઘાયલ વરિયાભાઈને ૧૦૮ ની મદદથી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ઝાલોદના થેરકા ગામેથી ૨૬ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ, ઝાલોદ તાલુકાના થેરકા ગામેથી પોલીસે એક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો કુલ રૂ ૨૬૮૮૦/- નો ઝડપી પાડયાં જાણવા મળે છે. ત્યારે પોલીસને જોઈ ઘરમાં હાજર હતી. નાસી જવામાં સફળ રહ્યો હતો. ઝાલોદ તાલુકાના થેરકા ગામે કલારા ફળિયામાં રહેતો રામાભાઇ કલારાના રહેણાંક મકાનમાં પોલીસને મળેલ બાતમીના આધારે ગત તારીખ પાંચમી ડિસેમ્બરના રોજ ઓચિંતી રેડ પાડતા રામાભાઇ પોલીસને જોઈને નાસી ગયો હતો. જ્યારે પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બિયર ની નાની મોટી બોટલો નંગ ૩૧૨ જેની કુલ કિંમત રૂપિયા ૨૬૮૮૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ રામાભાઇ વિરૂદ્ધ ઝાલોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના કાળાખુંટ ગામે લાકડા કાપવા મુદ્દે મારામારીમાં એક વ્યકિતને ગંભીર ઈજાઓ

દાહોદ, ધાનપુર તાલુકાના કાળાખૂટ ગામે ખેતરમાં લાકડાં કાપવા મામલે ત્રણ જેટલા ઈસમોએ એક જણાને લાકડી વડે તથા ગડદાપાટુનો મારમારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. કાળાખૂટ ગામે રહેતા જાંબુભાઈ વરસીંગભાઈ મીનામા, વિપુલભાઈ જાંબુભાઈ મીનામા અને પરેશભાઈ આ ત્રણેય જણાવો ગત તારીખ ૩૦ નવેમ્બરના રોજ પોતાના જ ગામમાં રહેતા વરિયાભાઈ બચુભાઈ મિનામાના ઘરે આવ્યા હતા અને ખેતરમાં લાકડાં કાપવા બાબતે તેઓની સાથે ઝઘડો તકરાર કરી બેફામ ગાળો બોલતા હતા અને એકદમ ઉશ્કેરાઇ જાય પોતાની સાથે લાવેલ લાકડીઓના ફટકા મારી વરિયા ભાઈને શરીરે ઈજાઓ પહોંચાડી હતી અને મારી નાખવાની ધમકી આપતા આ સંબંધે ઈજાગ્રસ્ત વરિયા ભાઈ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 89

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરાના નગર પાલિકા દ્વારા પાણીની વ્યવસ્થામાં ભૂલ

# નિયમીત પ્રમાણે વેરો ભરવા છતાં ભ્રષ્ટ નગરપાલિકા પાણી પુરું પાડવામાં નિષ્ફળ

- હાલમાં ભુરાવાવ થી ભામૈયા સુધી વૃક્ષ છેદન કરાઈ રહ્યું છે
- વૃક્ષ છેદનના કારણે વીજ પુરવઠો બંધ કરવામાં આવી રહ્યો છે.
- વીજ પુરવઠો બંધ કરવાના કારણે પાણીનો જથ્થો સમયસર પહોંચતો નથી.
- સમયસર પાણીનો જથ્થો નહિ પહોંચવાના કારણે ભરશિયાળામાં પાણીનો દુકાળ.
- નગર પાલિકાની જાહેરાત વિના એકાએક પાણી બંધ કરવાની નીતિ સામે વિરોધ.
- છેલ્લા બે દિવસથી પાણીની તંગીથી રઝળતા ગોધરાવાસીઓ.

ગોધરા,

ગોધરા નગરપાલિકાની પાણીની વ્યવસ્થા અવરનવર વિવાદોમા ઘસાઈ રહી છે. છેક નર્મદા યોજનાથી ગોધરા શહેરને પહોંચતી યોજનાને વચ્ચે આવતું ભામૈયા ગામ વચ્ચે નગરપાલિકા હસ્તકનો પાણી પુરવઠા યોજના ચાલતી હતી. પરંતુ હાલમાં છેક ગોધરા પ્રવેશ દ્વારા ગણાતા ભુરાવાવ થી છેક ભામૈયા સુધીના રસ્તા વચ્ચે આવતા વૃક્ષોનું છેદન કરવા માટે વિજળી પુરવઠો બંધ કરવામાં આવતાં આશરે ૧.૫ લાખ વસ્તીને પાણીની સમસ્યા સર્જાઈ રહી છે. નગરપાલિકા દ્વારા પાણી પુરુ પાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવતા આજે અનેક લોકો પાણી વિના ભરશિયાળામાં પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે. જો નગરપાલિકા એ વ્યવસ્થા કરી હોત તો ભરશિયાળામાં પાણીની સમસ્યા સર્જાઈ ન હોત.

પંચમહાલ જીલ્લાનું વડુ મથક ગણાતા ગોધરા શહેર એક આગવું સ્થાન ધરાવે છે. ગોધરા શહેરની પંચમહાલ જીલ્લામાં સૌથી વધુ વસ્તી ધરાવતું નગર છે અને આશરે ૧.૫ લાખની વસ્તી ધરાવે છે. જે તે સમયે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નર્મદા યોજના આધારીત ઘર ઘર નળ કનેકશન પુરુ પાડવાની યોજના અમલમાં મુક્તા તમામે લાભ લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી ગોધરા શહેરમાં નર્મદા યોજના આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ ઘરે ઘરે પાણી પુરવઠો આપવામાં આવતા મહિલાઓ સહિતના લોકો રાહતનો દમ લીધો હતો. પરંતુ અચાનક ભામૈયા થી છેક ભુરાવાવ સુધી આશરે બે કિ.મી.નો રસ્તા પાસેથી પાણીની પાઈપ લાઈન પસાર થઈ રહી છે. કોઈપણ આગોતરી જાણકારી વિના એકાએક તંત્ર દ્વારા ભુરાવાવ થી ભામૈયા સુધીની રસ્તાની કામગીરી તેમાંય રસ્તાને નડતરરૂપ વૃક્ષોનું છેદન કરવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતાં પર્યાવરણ પ્રેમી આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. છેલ્લા ૩ દિવસથી રસ્તો પહોળો કરવા અને વૃક્ષ છેદન કરવાની પ્રવૃતિ વચ્ચે લાઈટ બંધ કરવામાં આવતા ગોધરા શહેરમાં આશરે રોજીંદા સવાર સાંજ પાણી પુરવઠો પહોંચાડતી યોજનાઓને ધકકો પહોંચ્યો હતો. કોઈપણ જાતની આગોતરી જાણકારી વિના ગોધરા નગરપાલિકા દ્વારા એકાએક કામગીરી હાથ ધરવામાં આવતાં પાણી મેળવવા માટે ગોધરા શહેરમાં વિવિધ વિસ્તારોમા મહિલાઓ લાઈનમાં ઉભા રહ્યા હતા. લાઈનમાં ઉભા રહેવા છતાં પાણી ન મળતાં તેઓને આમતેમ ભટકવું પડયું હતું. ભરશિયાળામાં પાણીની સમસ્યાનો સામનો કરતાં આવા અનેક નગરજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. છેલ્લા બે દિવસથી પંચમહાલ જીલ્લાની મોટામાં મોટી ગોધરા નગર પાલિકા ગણાય છે. અને ગોધરા નગરપાલિકા વિસ્તારમાં વસતા અને પાણીનું જોડાણ ધરાવતા નાગરિકોને નિયમ પ્રમાણે પાણી પુરું પહોંચાડવાની જવાબદારી ગોધરા નગરપાલિકાની હોવા છતાં કેમ જાણે કેમ ભ્રષ્ટ આચરણ કરાઈ રહ્યું છે. આવા સમયે ગોધરા નગરપાલિકા એ વૈકલ્પિક વ્યવસ્થા પુરું પાડીને ટેન્કર દોડાવીને સમયસર આવા પાણીથી વંચિત ગોધરા શહેરના વિવિધ વિસ્તારોને સુવિધા ઉપલબ્ધ કરાવી જોઈએ. પરંતુ જો ગોધરા જ નગરપાલિકા ભ્રષ્ટ હોય તો ૧.૫ લાખની વસ્તીને કઈ રીતે પાણીની સુવિધા પુરી પાડશે અને સમયસર નર્મદા યોજનાને નાણાંકીય વેરો ભરી શકશે.

### નગરપાલિકાએ રાહતમાં લાભ નહી અપાતાં અનેક પરિવારો મુશ્કેલીમાં

ગોધરા નગરમાં આવેલી આશરે ૧.૫૦ લાખની વસ્તી નિયમ પ્રમાણે ગોધરા નગરપાલિકાને પાણી વેરાથી લઈને સફાઈ વેરો ચૂકવે છે. ગોધરા શહેરમાં સૌથી ગરીબ વસ્તી હોવા છતાં અરજદાર તરીકે ઉછીના પાછીના કરીને પોતાની લાજ સાચવવા માટે ઉછીના પાછીના કરીને પાલીકાને રકમ ભરપાઈ કરીને નગરપાલિકાની સફાઈ લઈને પાણીની સુવિધા મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે. આવા કોરોના ટાઈમે ગોધરા નગરપાલિકાએ આવા બેરોજગાર પરિવારો સામે કોઈ પણ પ્રકારની રાહત આપવાના બદલે ચોખ્ખી રકમ વસુલવામાં આવતાં અનેક પરિવારો આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાયા છે.

### પાણી ન અપાતાં નગરપાલિકાને પ્રશ્નો પુછતા મહિલાઓ...

ગોધરા નગરપાલિકાએ સમયસર પાણી પહોંચાડવાની સુવિધા આપવાની ફરજ છે. તેની સામે સમયસર નિયમિત વેરો પણ આપવામાં આવે છે છતાંય આવા ભરશિયાળામાં સમયસર પાણી પુરૂ પાડવાની કામગીરીમાં નગરપાલિકા છુપી રાજનીતિ રમી રહ્યું છે આગામી સમયમાં નગરપાલિકાની ચૂંટણી આવનાર છે અને સમગ્ર ગોધરા શહેરમાં આવતી ૧.૫૦ લાખની વસ્તિની ચુંટણી થનાર હોવાને લઈને પણ રાજકિય ગરમાવો વ્યાપી રહ્યો છે. લોકો દ્વારા સમયસર પાણીની સુવિધા આપવાની માંગણી છતાં કેમ ન આપવામાં અવતાં ગોધરા નગરપાલિકાની પાણી સમિતિને પ્રશ્ન પુછી રહ્યાં છે.

## ગોધરાના અછાલા બીટના રાઉન્ડ ફોરેસ્ટ વતી લાંચ સ્વીકારતાં બીટગાર્ડને ૨૩,૫૦૦/-રૂપીયા સાથે રંગેહાથે ઝડપાયો



### અછાલા બીટના ફોરેસ્ટ રજા ઉપર હોવાથી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી.

ગોધરા,

ગોધરા તાલુકાના પૂર્વ રેન્જમાં અછાલા બીટમાં ફરજ બજાવતા રાઉન્ડ ફોરેસ્ટ દ્વારા ૩ ડિસેમ્બરના રોજ પથ્થર ભરેલ ડમ્પર ઝડપી પાડયું હતું. ડમ્પર છોડવા માટે ૬૦ હજારની માંગણી કરી હતી. જેની રકઝક બાદ ૩૦ હજારમાં તોડ થયો હતો. તે પૈકી ૫ હજાર રોકડા લઈ ડમ્પર છોડી મુકવામાં આવ્યું હતું. જ્યારે બાકીના રૂપીયા ડીસેમ્બરના રોજ બીએસએનએલ કચેરી પાસે ૨૨,૫૦૦/-રૂપીયા તેમજ ફરિયાદી પાસેથી અંગત ૧૦૦૦/-રૂપીયાની રાઉન્ડ ફોરેસ્ટ વતી લાંચ લેતાં બીટગાર્ડને પંચમહાલ એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યો.

પંચમહાલ ગોધરા પૂર્વ રેન્જ અછાલા બીટમાં ફરજ બજાવતા રાઉન્ડ ફોરેસ્ટ ગુણવંતસિંહ મંગળસિંહ પરમારે એ ૩ ડિસેમ્બરના રોજ ઉપર થી પસાર થતાં પથ્થર ભરેલ ડમ્પરને ઝડપી પાડયું હતું અને ડમ્પર છોડવા મટો ૬૦ હજારન રૂપીયાની માંગણી કરી હતી. જેમાં રકઝક બાદ ૩૦,૦૦૦/-રૂપીયા લેવાનું નકકી થયેલ હતું. જેમાં સ્થળ ઉપર ૫,૦૦૦/-રૂપીયા લઈ બીજા રૂપીયાનો વાયદો સાથે ડમ્પર છોડી મૂકવામાં આવ્યું હતું. ડમ્પર ચાલક લાંચના રૂપીયા આપવા માંગતા ન હોય. જેથી પંચમહાલ ગોધરા એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદી તેમજ અછાલા બીટ રાઉન્ડ ફોરેસ્ટર સાથે મોબાઈલ ફોન ઉપર વાતચીત કરીને અછાલા બીટમાં ફરજ બજાવતા બીટગાર્ડ ગોવિંદભાઈ વિરમભાઈ ચૌધરીને બાકીની લાંચની રકમ આપવા જણાવ્યું હતું. તે મુજબ ૫ ડીસેમ્બરના રોજ ગોધરા બીએસએનએલ કચેરી પાસે બીટગાર્ડ ગોવિંદભાઈ ચૌધરી ફરિયાદી પાસે ૨૨,૫૦૦/-રૂપીયા તથા ફરિયાદી પાસેથી અંગત ૧૦૦૦/-રૂપીયા રાઉન્ડ ફોરેસ્ટ વતી સ્વીકારતા બીટગાર્ડ ગોવિંદભાઈ ચૌધરીને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમજ મુખ્ય લાંચ માંગનાર અછાલા બીટના રાઉન્ડ ફોરેસ્ટ ગુણવંતસિંહ એમ.પરમારની કચેરીમાં તપાસ કરતાં રજા ઉપર હોવાથી મળી આવ્યા ન હતા. ગોધરા પૂર્વ રેન્જ અછાલા બીટના રાઉન્ડ ફોરેસ્ટ અને બીટગાર્ડ એ એકબીજાન મેળાપીપણામાં ગુનો આવેલ હોય તેઓ બન્ને વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગોધરા એસીબી દ્વારા લાંચના કિસ્સાના મુખ્ય આરોપી રાઉન્ડ ફોરેસ્ટની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે. પંચમહાલ જીલ્લા ફોરેસ્ટ વિભાગમાં લાંબા સમય બાદ લાંચ લેવાના કિસ્સામાં ફોરેસ્ટ અને બીટગાર્ડ ઝડપાઈ જતાં અન્ય લાંચીયા અધિકારીઓ તેમજ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## શહેરાના બજારો બંધ રહ્યા : જયારે માસ્ક વગરના દંડાયા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે તાલુકા વહીવટી તંત્ર કમર કસી રહયુ છે. રવિવારના રોજ નગર વિસ્તારમાં આવેલ બજારોમાં સંપૂર્ણ બંધ રહયા હતા. જયારે માસ્ક ફેશ ઉપર નહી પહેરીને બહાર નીકળેલ ને નગર પાલિકા ની ટીમ એ ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવ્યો હતો.

શહેરા નગર પાલિકા એ કોરોના નું સંક્રમણ ઘટે તે માટે વહેપારીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં વેપારીઓએ પોતાની મરજીથી રવિવારના રોજ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. રવિવાર ના રોજ બસ સ્ટેશન,સિંધી ચોકડી, મેઈન બજાર સહિત અન્ય વિસ્તારના બજારો સવારથી સંપૂર્ણ બંધ જોવા મળ્યા હતા. જયારે નગર વિસ્તારમા નગર પાલિકાના એન્જિનિયર જીગ્નેશ ભાઈ શાહ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ અને શોપ ઈન્સ્પેકટર જીતેન્દ્ર જોષી, મનુભાઈ સોલંકી, મહેશ સોલંકી સહિતની અલગ અલગ ટીમ નગરના વિવિધ વિસ્તારમાં નીકળી ને કોવિડ ૧૯ ના નિયમો નુ પાલન કરવા માટે નગરજનો ને અપીલ કરી હતી. સાથે માસ્ક ફેશ ઉપર નહી પહેરીને બહાર નીકળેલ ને રૂપિયા ૧,૦૦૦ સુધી નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. દિવસ દરમિયાન નગર વિસ્તારના તમામ દુકાનો સંપૂર્ણ બંધ જોવા મળતા રસ્તાઓ સુમસામ નજરે પડ્યા હતા. નગર પાલિકાના એન્જિનિયર જીગ્નેશભાઈ શાહે જણાવ્યુ હતુ કે કોરોનાનું સંક્રમણ ઘટે નહી ત્યાં સુધી આવનાર દરેક રવિવાર ના રોજ નગર વિસ્તારમાં આવેલ તમામ બજારો બંધ રાખવામાં આવશે જો કોઈ દુકાનદાર દુકાન ખોલશે તો તેમને દંડ વસૂલવા સાથે ની નિયમાનુસાર ની કાર્યવાહી કરવા આવનાર છે. નગર પાલિકા દ્વારા રવિવારના રોજ દુકાનો બંધ રાખવાના નિર્ણયને વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી ને પાલિકાને સહકાર આપ્યો હતો. સાથે નગરજનો એ ઘર મા રહીને દિવસ પસાર કર્યો હતો.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૩૮૫ થયો

- ૩૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૧૨.
- મૃત્યુ આંક - ૧૨૩.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૩૮૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૨, હાલોલ-૦૪, કાલોલ-૦૫,ઘોઘબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## કાલોલમાં હોમગાર્ડઝ સ્થાપના દિન નિમિત્તે પ્રથમ નવીન હોમગાર્ડઝ કચેરીનું ઈ-લોકાર્પણ

કાલોલ,

કાલોલમાં ૬ ડિસેમ્બરના હોમગાર્ડઝ દળ સ્થાપના દિન નિમિત્તે સમગ્ર રાજ્યમાં હોમગાર્ડઝ દળના જવાનો અને તેમના આગેવાનો દ્વારા સ્થાપના દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. જ્યારે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં પણ જિલ્લામાં પ્રથમ રૂા.૬૫ લાખના ખર્ચે નવીન તાલુકા હોમગાર્ડ કચેરીનું નિર્માણ કરી તેનું ઈલોકાર્પણ રાજયના ગૃહરાજયમંત્રી અને પંચમહાલના પ્રભારી મંત્રી પ્રદીપસિંહ જાડેજા તથા સી.જી ડો. નીરજા ગોરટુ રાવના વરદહસ્તે કરવામાં આવ્યું.તેમાં કાલોલના લોકાર્પણ પ્રસંગે કાલોલ તાલુકા ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગિરવતસિંહ, મહામંત્રી સજ્જયસિંહ રાઠોડ, જિલ્લા હોમગાર્ડ કમાન્ડર વિક્રમસિંહ જાદવ,નાયબ હોમગાર્ડ કમાન્ડર ઈનચાર્જ આઈ. વી.સોલંકી ,નિવૃત્ત ઓફીસર કમાન્ડર નિરંજનભાઈ શાહ, કાલોલ તાલુકા યુનિટ ઓફીસર કમાન્ડિંગ હિંમતસિંહ વેચાતસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. તેમાં પંચમહાલ જિલ્લામાં આવેલા ૧૧ યુનિટના અધિકારી તથા હોમગાર્ડઝ દળના જવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.પંચમહાલ જિલ્લામાં કુલ હોમગાર્ડઝ જવાનો ની સંખ્યા કુલ ૧૫૩૪ છે.અને કાલોલ તાલુકા માં હોમગાર્ડઝ જવાનોની સંખ્યા કુલ ૧૦૭ છે.

## મોરવા(હ) પોલીસે સાલીયા-સંતરોડ ખાતે સોશ્યલ ડીસ્ટન્સ ન જાળવતા વાહનોનું ચેકીંગ કરી દંડ ફટકાર્યો



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),

દાહોદ-ગોધરા હાઈવે રોડ ઉપર મોરવા(હ) પોલીસના ચેકીંગ દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સ વગરની ગાડીઓનું ચેકીંગ કરવામાં આવ્યું હતું અને સોશ્યલ ડસ્ટસ્ટીંગ વગરના વાહનોને દંડ ફટકારવામાં આવ્યો.

દાહોદ-ગોધરા રોડ હાઈવે રોડ ઉપર મોરવા(હ) પોલીસ કોરોના કાળમાં સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવતા હોય તેવા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન સોશ્યલ ડીસ્ટનસ નહિ જાળવતા વધારે માણસો ભરેલ હોય તેવા વાહનોને દંડ ફટકારવામાં આવ્યો હતો. સાથે તમામ વાહન ચાલકોને કોવિંડ -૧૯ના સરકારી નિયમોનું પાલન કરવા સુચન કર્યું હતું.

## ગોધરા-ભુરાવાવ વાગડીયાવાસમાં જુગાર રમતા ૧૧ વ્યક્તિઓ ઝડપાયા

ગોધરા,

ગોધરા શહેર ભુરાવાવ વાગડીયાવાસ પાસે વરલી મટકાનો જુગાર રમાડતો હોય તે સ્થળે પોલીસે રેડ કરી ૧૧ વ્યકિતઓને પોલીસે ૩૧,૬૧૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર ભુરાવાવ વાગડીયાવાસ પાસે ચેતન ઉર્ફે પપ્પી લક્ષ્મણદાસ સામનાણી દ્વારા વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે રેડ કરી હતી. તે રેડ દરમ્યાન રીતેશ ચીમનભાઈ બામણીયા, ટપુભાઈ કચરાભાઈ બુચ, ડાહ્યાભાઈ બાબુભાઈ મછાર, કમલેશ ચીમનભાઈ ડીંડોર, દેવેન્દ્રભાઈ સુન્દરભાઈ ડીંડોર, રાહુલ કેશવભાઈ મછાર, નરેશ નાથુમલ કરમચંદાણી, ઉત્તમ વાડીલાલ મકવાણા, ભીખાભાઈ પન્નાભાઈ વાગડીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ વ્યકિતઓની અંગઝડતીમાં ૧૭,૧૧૦/-રૂપીયા મોબાઈલ ફોન નંગ-૯ કિંમત ૧૪,૧૫૦/-રૂપીયા મળી ૩૧,૬૯૩/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



આજ રોજ ૬ ડિસેમ્બર બાબાસાહેબ આંબેડકર ની પુણ્યતિથિ (સામાજિક સમરસતા દિન) નિમિતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગોધરા શાખા દ્વારા બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાં ને પુષ્પ પૂજન કરવામાં આવ્યું અને વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું અને ઝૂમ પર ડો બાબા સાહેબ આંબેડકર જીના જીવનચરિત્ર અને સામાજિક સમરસતાના વિષય પર વેબિનાર રાખવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા. જેમાં વિશેષ ઉપસ્તીથ એ.બી.વી.પી. ગુજરાત પ્રાંત સહ મંત્રી ગૌતમભાઈ ગામીત, પંચમહાલ વિભાગ સંયોજક શિવમભાઈ સોલંકી, ગુજરાત પ્રાંત કાર્યસમિતી સદસ્ય વ્રજભાઈ શાહ, ગોધરા નગર મંત્રી દેવ્યાનીબેન મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજ રોજ ડો.બાબાસાહેબ આંબેડકર ની પુણ્યતિથી(સામાજિક સમરસતા દિવસ) નિમિત્તે ગોધરા શહેર સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા ને ફુલહાર પહેરાવી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.આ પ્રસંગે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અજીતસિંહ ભાટી સહિત અન્ય કાર્યકર્તાઓ એ ડો.બાબાસાહેબ આંબેડકર ને શ્રદ્ધાંજલી અર્પિ હતી.